## (1) AK-203 રાઈફલના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) AK-203 રાઈફલને INSAS રાઈફલથી રિપ્લેસ કરવામાં આવશે.
(2) ભારતમાં બધી જ AK-203 રાઈફલનું નિર્માણ કરવામાં આવશે.
(3) ભારતમાં આ રાઈફલનું નિર્માણ એ કોરવા ઓર્ડનેન્સ ફેક્ટ્રી અંતર્ગત કરવામાં આવશે.
(4) AK-203 રાઈફલ માટે ભારત દ્વારા રશિયા સાથે કરાર કરવામાં આવ્યો છે.

(A) માત્ર (1), (3) અને (4)
(B) માત્ર (1), (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતના રક્ષા મંત્રી એ રશિયાના વિદેશ પ્રવાસે છે અને તે દરમિયાન AK-203 રાઈફલ સંદર્ભે ભારત અને રશિયા વચ્ચે કરાર કરવામાં આવ્યો હતો.

⇛ આ કરાર અનુસાર રશિયાના સમર્થન સાથે મેક ઈન ઈન્ડિયા પહેલ અંતર્ગત ભારતમાં આ રાઈફલનું ઉત્પાદન કરવામાં આવશે.

⇛ AK-47 રાઈફલનું સૌથી નવીન અને ઉન્નત સંસ્કરણ છે. તેને INSAS રાઈફલથી રિપ્લેસ કરવામાં આવશે.

⇛ ભારતીય સેનાને લગભગ 7,70,000 રાઈફલની આવશ્યકતા છે તેમાંથી 1,00,000 ભારતમાં આયાત કરવામાં આવશે અને બાકીની રાઈફલનું ભારતમાં નિર્માણ કરવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ આ રાઈફલ્સનું નિર્માણ ઓર્ડનન્સ ફેકટરી, ઉત્તરપ્રદેશમાં કરવામાં આવશે.

ICE INSTITUTE OF FOR COMPETITIVE EXAMS

## (2) શાંઘાઈ સહકાર સંગઠનના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) ભારત એ શાંઘાઈ સહકાર સંગઠન (SCO) અંતર્ગત નિરીક્ષક દેશનો દરજ્જો ધરાવે છે.
(2) SCO અંતર્ગત કુલ 8 દેશોનો સમાવેશ થાય છે.
(3) SCO એ એક યુરેશિયન, રાજકીય, આર્થિક અને સુરક્ષા સંગઠન છે.
(4) વર્ષ 2020ની SCOની બેઠકનું આયોજન એ ઉઝબેકિસ્તાનમાં કરવામાં આવશે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) એ યુરેશિયન, રાજકીય, આર્થિક અને સુરક્ષા સંગઠન છે તેની સ્થાપના વર્ષ 2001માં શાંઘાઈ (ચીન) ખાતે કરવામાં આવી હતી.

⇛ હાલમાં SCO અંતર્ગત ચીન, ભારત, કઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, રશિયા, પાકિસ્તાન, તજાકિસ્તાન અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ વર્ષ 2020ની SCOની બેઠકનું આયોજન એ ભારત ખાતે કરવામાં આવશે.

⇛ ભારત અને પાકિસ્તાન એ વર્ષ 2017માં આ સંગઠનના પૂર્ણ સદસ્યો બન્યા હતા જે પહેલા નિરીક્ષક દેશનો દરજ્જો ધરાવતા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) "સ્ટેટ ઓફ યંગ ચાઈલ્ડ ઈન ઈન્ડિયા" રિપોર્ટના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?**

(1) રિપોર્ટ એ યંગ ચાઈલ્ડ આઉટકમ ઈન્ડેક્સ અને યંગ ચાઈલ્ડ એનવાયરમેંટ ઈન્ડેક્સ પર આધારિત છે.
(2) યંગ ચાઈલ્ડ એનવાયરમેંટ ઈન્ડેક્સ અંતર્ગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કેરલનું રહયું હતું.
(3) રિપોર્ટ અનુસાર દેશમાં બાળકો પર કુલ ખર્ચ ઘટયો છે.
(4) ભારતમાં 6 વર્ષથી ઓછી ઉંમરના 159 મિલિયન બાળકો છે જેમાંથી 21% કૂપોષિત છે.

(A) માત્ર (1) અને (3)　　(B) માત્ર (1), (2) અને (4)
(C) માત્ર (2), (3) અને (4)　　(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ દ્વારા "સ્ટેટ ઓફ યંગ ચાઈલ્ડ ઈન ઈન્ડિયા" રિપોર્ટ જાહેર કર્યો હતો.

⇛ નીતિ અડવોકેસી સંગઠન "મોબાઈલ ક્રેચ" દ્વારા આ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો.

⇛ રિપોર્ટની મુખ્ય બાબતો :

- ભારતમાં 6 વર્ષથી ઓછી ઉંમરના 159 મિલિયન બાળકો છે. તેમાંથી 21% કૂપોષિત છે, 36% ઓછું વજન ધરાવે છે અને તેમાંથી 38% પૂર્ણ રસીકરણ કરી શકયા નથી.
- રિપોર્ટ એ "યંગ ચાઈલ્ડ આઉટકમ ઈન્ડેક્સ" અને "યંગ ચાઈલ્ડ એનવાયરમેંટ ઈન્ડેક્સ" એમ બે સૂચકાંક પર આધારિત છે.
- પર્યાવરણ સૂચકાંક અંતર્ગત કેરલ, ગોવા, પંજાબ, સિક્કિમ અને હિમાચલ પ્રદેશ એ ટોચનું પ્રદર્શન કરનાર રાજ્યો છે.
- દેશમાં 8 રાજ્યો એવા છે જેની પાસે બાળ વિકાસમાં દેશના સરેરાશ સ્કોર કરતા ઓછો છે. આ 8 રાજ્યોમાં આસામ, મેઘાલય, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે.
- રિપોર્ટ અનુસાર દેશમાં બાળકો પર જાહેર ખર્ચ વધ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) બ્રિક્સ દેશોના સંસ્કૃતિ મંત્રીઓની બેઠકના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) આ બેઠકની અધ્યક્ષતા એ રશિયા દ્વારા કરવામાં આવી હતી.

(2) બેઠક અંતર્ગત વર્ષ 2021ના અંત સુધીમાં બ્રિક્સ અલાયંસ ઓફ મ્યુઝિયમની અંતર્ગત શેર કરવામાં આવતી વસ્તુઓ પર એક ડિજિટલ ઓનલાઈન પ્રદર્શન યજમાની કરવાની સંભાવના પર ખોજ કરવાની બાબતનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

(3) બેઠક દરમિયાન બધા મંત્રીઓ દ્વારા ઘોષણાપત્ર પર સહમતિ દર્શાવવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)  (B) માત્ર (2) અને (3)

(C) માત્ર (1) અને (3)  (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં વર્ચ્યુઅલ રૂપથી પમી બ્રિક્સ સંસ્કૃતિ મંત્રીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

⇛ આ બેઠકની અધ્યક્ષતા એ રશિયા દ્વારા કરવામાં આવી હતી.

⇛ બેઠક અંતર્ગત વર્ષ 2021ના અંત સુધીમાં બ્રિક્સ અલાયન્સ ઓફ મ્યુઝિયમ અંતર્ગત શેર કરવામાં આવતી વસ્તુઓ પર એક ડિજિટલ ઓનલાઈન પ્રદર્શનની સંભાવનાઓ પર ખોજ કરવાની બાબતનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

⇛ આ બેઠક દરમિયાન બધા મંત્રીઓ દ્વારા ઘોષણાપત્ર પર સહમતિ દર્શાવવામાં આવી હતી અને બધા જ પ્રતિનિધિઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(5) અગ્રતા ક્ષેત્રે આપવામાં આવતા ધિરાણ (Priority Sector Lending-PSL) સંબંધે RBI દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા દિશા-નિર્દેશોના સંદર્ભે નીચેનામાંથી કયાં વિધાનો સાચાં છે ?

(1) PSLના ક્ષેત્રમાં સ્ટાર્ટ અપને રૂ. 100 કરોડ સુધી ઋણ આપવામાં આવશે.

(2) નવીનીકરણ ઊર્જા માટે ઋણની સીમાને વધારી બમણી કરવામાં આવી છે.

(3) સૌર ઊર્જાથી ચાલતા પંપ તથા બાયોગેસ પ્લાન્ટનો સમાવેશ પણ PSL અંતર્ગત કરવામાં આવ્યો છે.

(4) સ્વાસ્થ્ય મૂળભૂત માળખા માટે PSL અંતર્ગતની ઋણ સીમા બમણી કરવામાં આવી છે.

(A) માત્ર (2), (3) અને (4)  (B) માત્ર (1) અને (2)

(C) માત્ર (2) અને (3)  (D) આપેલ તમામ

⇒ જવાબ :- A

સમજૂતી :

⇒ તાજેતરમાં RBI દ્વારા સ્ટાર્ટ અપ અને કૃષિ ક્ષેત્ર સહિત અમુક અન્ય મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં મૂડીની ઉપલબ્ધતા વધુ સારી બનાવવા અગ્રતા ક્ષેત્રે આપવામાં આવતા ધિરાણ (PSL) સંબંધિત નવા દિશા–નિર્દેશો જાહેર કર્યા છે.

⇒ PSL અંતર્ગત સ્ટાર્ટ અપ માટે રૂ. 50 કરોડ સુધીની નાણાકીય સહાયતા આપવામાં આવશે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ નવા નિયમો અંતર્ગત સૌર ઊર્જાથી ચાલતા પંપ અને બાયોગેસ પ્લાન્ટનો સમાવેશ પણ PSL અંતર્ગત કરવામાં આવ્યો છે.

⇒ PSL અંતર્ગત નવીનીકરણ ઊર્જા માટે ઋણની સીમા વધારીને બમણી કરવામાં આવી છે.

⇒ સ્વાસ્થ્ય મૂળભૂત માળખા (આયુષ્માન ભારત સહિત) માટે ઋણ સીમા બમણી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT